# SHREE VASISHTHA VIDHYALAYA

GUJARATI MEDIUM / BILINGUAL MEDIUM / ENGLISH MEDIUM (GSEB)

परस्परं भावयन्त :

## સ્પર્શ - 2025 (બાળ રમતોત્સવ)

સ્નેહી વાલીશ્રી,

બાળકોમાં રહેલી સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવા અને વાલીનાં બાળપણનાં સંસ્મરણોને તાજા કરવા વસિષ્ઠના પટાંગણમાં જુ.કે.જી. થી ધો.2 ના બાળકો અને વાલીશ્રીઓ માટેનો સ્પર્શ-બાળ રમતોત્સવ તા. 30/11/2025 ને રવિવારના રોજ રાખેલ છે, તે આપ જાણો છો.

## :: બાળકો માટેની રમત ::

| ધોરણ | રમત નં. 1 | રમત રમવાની રીત | રમત નં. 2 | રમત રમવાની રીત |
|---|---|---|---|---|
| જુ.કે.જી. | મંકી રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી મંકીના માસ્ક પહેરીને મિડલમાં મૂકેલ કેળા હાથમાં લઈને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | બટરફ્લાય રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી બટરફ્લાય (પતંગિયા) ની પાંખ પહેરીને મિડલમાં મૂકેલ ફૂલ લઈને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| સિ.કે.જી. | જેલી ફિશ રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી સમયાંતરે ટ્રેક પર મૂકેલ છત્રી લઈને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | હોર્સ રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી હવા ભરેલ હોર્સ પર બેસી જમ્પ કરતાં કરતાં વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| બાલવાટિકા | વિઘ્ન દોડ | બાળકે પ્રસ્થાન રેખાથી સમયાંતરે ટ્રેક પર મૂકેલ વિઘ્ન પસાર કરીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | આઈસ્ક્રીમ કોન બેલેન્સ | બાળકે પ્રસ્થાન રેખાથી મૂકેલ કોન લઈને મિડલમાં મૂકેલ બોલ કોન ઉપર મૂકી બેલેન્સ જાળવી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| ધોરણ - 1 | સોસર કોન રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી સમયાંતરે ટ્રેક પર મૂકેલ કોન પર સોસર કોન મૂકી દોડીને ઝડપથી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | બેડ મિન્ટન | બાળકે પ્રસ્થાન રેખાથી રેકેટ ઉપર ફૂલ મૂકી ઝડપથી ચાલીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| ધોરણ - 2 | બોલ બેલેન્સ | બાળકે પ્રસ્થાન રેખાથી બન્ને હાથમાં કપ ઉપર બોલ રાખી બેલેન્સ જાળવી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. | કપ ટાવર રેસ | બાળકે પ્રસ્થાન રેખાથી દોડી વચ્ચે બેન્ચ પર મૂકેલ ગ્લાસના ટાવર બનાવી ફરી આગળ વધી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |

## :: વાલીશ્રીઓ માટેની રમત ::

| માતા/પિતા/બાળક | રમત | રમત રમવાની રીત |
|---|---|---|
| માતાની રમત | પોટ બેલેન્સ | વાલી પ્રસ્થાન રેખાથી માથા ઉપર પોટ મૂકી બેલેન્સ જાળવી વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| પિતાની રમત | બોલ બેલેન્સ | વાલી પ્રસ્થાન રેખાથી માથા ઉપર સોસર કોન મૂકી તેની પર બોલ મૂકી બેલેન્સ જાળવીને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |
| માતા-પિતા અને બાળકની રમત | રીલે દોડ | માતા પ્રસ્થાન રેખાથી આપેલ સ્ટીક લઈને મધ્યમાં ઊભા રહેલ પોતાના બાળકને આપશે ત્યાર બાદ બાળક આ સ્ટીક થોડા અંતરે ઊભા રહેલા પિતાને આપશે અને પિતા આ સ્ટીકને લઈને વિજયરેખા સુધી પહોંચવાનું રહેશે. |



**નોંધ:-**

- રમતોત્સવમાં ભાગ લેવા બાળકોને પ્રોત્સાહન આપીએ અને આપણે પણ ભાગ લઈને બાળપણના સંસ્મરણોને વાગોળીએ.
- રમતોત્સવમાં વિજેતા બાળકોને અને વાલીશ્રીને મેડલથી સન્માનિત કરવામાં આવશે અને વિજેતા ન થનાર બાળકોને આશ્વાસન મેડલ આપીને પ્રોત્સાહિત પણ કરવામાં આવશે.
- વાલીશ્રીએ બાળકને તૈયાર કરીને તા.30/11/2025 ને રવિવારના રોજ સ્પર્શ કાર્યક્રમમાં સવારે 8:30 કલાકે શાળાએ લાવવાના રહેશે અને કાર્યક્રમ પૂર્ણ થયા બાદ બાળકને વાલીશ્રીએ સાથે લઈ જવાના રહેશે.
- વાલીશ્રીએ બાળકોની રમત પૂર્ણ થયા બાદ વર્ગશિક્ષક પાસેથી બાળકને મેળવી લેવાનું રહેશે.
- રમતોત્સવ પૂર્ણ થયા બાદ ભોજનની વ્યવસ્થા પણ રાખેલ છે.

આચાર્યશ્રી